# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Re-Accredited

**Grade A** by NAAC

**(CGPA 3.05)**

## સિન્ડિકેટની સામાન્ય સભાની કાર્યવાહી નોંધ

## તા.૦૨/૦૭/૨૦૧૮

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ,
યુનિવર્સિટી રોડ,
રાજકોટ-૫

**SAURASHTRA UNIVERSITY**
University Campus, University Road,
Rajkot – 360 005
PHONE : (0281) 2578501 / FAX : (0281) 2586983

Re-Accredited Grade "A" by NAAC

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સિન્ડિકેટની જુલાઈ માસની સામાન્ય સભા તા.૦૨/૦૭/૨૦૧૮ ને સોમવારના રોજ સવારના ૧૧:૦૦ કલાકે, સિન્ડિકેટ મીટીંગરૂમ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય, યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ ખાતે મળેલ, જેમાં સભ્યશ્રીઓની હાજરી નીચે પ્રમાણે હતી.

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હાજર/ગેરહાજર |
|---|---|---|
| ૧. | ડૉ. નિલાંબરીબેન દવે -કુલપતિશ્રી | હાજર |
| ૨. | ઉપકુલપતિશ્રી | ---- ખાલી ---- |
| ૩. | ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી | ગેરહાજર |
| ૪. | નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણ | ગેરહાજર |
| ૫. | નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ તથા તબીબી શિક્ષણ | ગેરહાજર |
| ૬. | પ્રિ. ડૉ. ધરમભાઇ ડી. કાંબલીયા | હાજર |
| ૭. | પ્રિ. ડૉ. વિજયભાઈ કે. પટેલ | હાજર |
| ૮. | ડૉ. મેહુલભાઈ પી. રૂપાણી | ગેરહાજર |
| ૯. | ડૉ. પ્રફુલ્લાબેન જે. રાવલ | હાજર |
| ૧૦. | ડૉ. ભાવિનભાઈ એસ. કોઠારી | હાજર |
| ૧૧. | ડૉ. પ્રતાપસિંહ એલ. ચૌહાણ | હાજર |
| ૧૨. | શ્રી હરદેવસિંહ ડી. જાડેજા | હાજર |
| ૧૩. | ડૉ. ગીરીશભાઈ સી. ભીમાણી | હાજર |
| ૧૪. | ડૉ. નેહલભાઈ સી. શુકલ | હાજર |
| ૧૫. | ડૉ. અનિરૂદ્ધસિંહ પઢીયાર | હાજર |
| ૧૬. | ડૉ. વિમલભાઈ પરમાર | હાજર |
| ૧૭. | ડૉ. ભરતભાઈ રામાનુજ | હાજર |
| ૧૮. | શ્રી ભરતભાઈ ઝવેરભાઈ વેકરીયા | હાજર |
| ૧૯. | ડૉ. વિજયભાઈ એન. દેસાણી | હાજર |
| ૨૦. | ડૉ. પ્રવિણસિંહ આર. ચૌહાણ | હાજર |

સભાની શરૂઆતમાં માન. કુલપતિશ્રી ડૉ. નિલાંબરીબેન દવેએ તા.૨૩/૦૫/૨૦૧૮ થી અમલમાં આવેલ સિન્ડિકેટ પર એકેડેમિક કાઉન્સિલમાંથી નિમણુંક પામેલ ડૉ. વિજયભાઈ એન. દેસાણી અને ડૉ.પ્રવિણસિંહ આર. ચૌહાણને આવકારેલ. ત્યારબાદ સભાનું કામકાજ શરૂ કરવામાં આવેલ.

૧ જોડાણ — કામદાર એજયુકેશન ટ્રસ્ટ,રાજકોટ સંચાલિત- કામદાર સાયન્સ કોલેજ, મુ.હરીપર(પાળ)કાલાવડ રોડ, જી.રાજકોટએ જુન - ૨૦૧૭ થી વિજ્ઞાન વિદ્યાશાખાના બી.એસ.સીની નવી કોલેજના જોડાણ અંગે કરેલ અરજી અને તે પરત્વે નિયુક્ત કરવામાં આવેલ સ્થાનિક તપાસ સમિતિના અહેવાલ પરત્વે વિચારણા થવા બાબત.

જોડાણની વિગત :

**વિજ્ઞાન વિદ્યાશાખા .**

પ્રથમ વર્ષ બી.એસ.સી (નવું જોડાણ)

બોટની, ઇન્ડસ્ટ્રીયલકેમેસ્ટ્રી, બાયોકેમેસ્ટ્રી, બાયોટેકનોલોજી, ફીઝીક્સ, કેમેસ્ટ્રી, મેથ્સ, માઈક્રોબાયોલોજી

નોંધ : ૧ . સંસ્થાએ બી.એસસી.અભ્યાસક્રમની નવી કોલેજના જોડાણની માંગણી કરેલ છે.

૨ . બી.એસસી.અભ્યાસક્રમએ યુ.જીસી અંતર્ગત અભ્યાસક્રમ હોય ટ્રસ્ટની માલિકીની ૫ એકર જમીનની આવશ્યકતા રહે છે.
- જમીન ટ્રસ્ટના નામે નથી, પરંતુ ટ્રસ્ટીના નામે છે જે લીઝ પર છે.

૩. ટ્રસ્ટ દ્વારા તા.૨-૧૨-૧૬ ના પત્રથી સાયન્સ કોલેજની એલ.આઈ.સી નીમણુંક કરવાની રજૂઆત કરેલ.

૪. તા.૨-૧૨-૧૬ના પત્ર પર જોડાણ વિભાગની તા.૨૩-૧૨-૧૬ ની નોંધ પર મળેલ આદેશા નુસાર ટ્રસ્ટની નવા જોડાણની અરજી પર ટ્રસ્ટની માલિકીની ૫ એકર જમીન ન હોય તેવા કિસ્સામાં (કાઉન્સિલ અંતર્ગત અભ્યાસક્રમ ન હોય) તેવી નવી કોલેજ કે સંલગ્ન કોલેજમાં તેના નવા અભ્યાસક્રમ માટે નીતિ વિષયક નિર્ણયના ભાગરૂપે શૈક્ષણિક વર્ષ : ૨૦૧૬-૧૭ માટે એલ.આઈ.સી.ની નિયુક્તિ કરવામાં આવેલ નથી તેમ તેની જાણ ટ્રસ્ટને યુનીવર્સીટીના તા.૨૮-૧૨-૧૬ ના પત્રથી કરવામાં આવેલ છે.

૫. સંસ્થા દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં એસ.સી.એ.નં.૨૨૬૬/૨૦૧૭ થી પીટીશન દાખલ કરવામાં આવેલ.

૬ . સીન્ડીકેટ તા.૫-૨-૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક : ૨ થી તા.૨૭,30 જાન્યુઆરી – ૨૦૧૪ ના રોજ મળેલ સમિતિનો અહેવાલ સ્વીકારવામાં આવેલ છે જેના મુદ્દા ન.૧,૪ મુજબ યુ.જી.સીના ૨૦૦૯ના નોટીફીકેશન મુજબ કાર્યવાહી કરવાની રહે છે.

-જે ટ્રસ્ટના નામે ૫ એકર જમીન હોય તેવી સંસ્થાઓને જોડાણ આપવાની ભલામણની કાર્યવાહી કરવી તેમ ભલામણ કરેલ છે.

૭ . ટ્રસ્ટ પાસે ૫ એકર જમીન ટ્રસ્ટના નામે નથી.ટ્રસ્ટ પાસે ૪ એકર,3 ગુંઠાવર્ષ : ૨૦૦૪ થી ૩૦ વર્ષ માટે ટ્રસ્ટી દ્વારા ટ્રસ્ટને લીઝ પર આપેલ છે.
-વધુમાં ટ્રસ્ટ પાસે સર્વે ન.૫૬ પૈકીની ૩ એકર જમીન તા.૨૮-૨-૨૦૦૬ થી ૯૯ વરસના લીઝ ડીડ પર ટ્રસ્ટીએ ટ્રસ્ટને આપેલ છે.

૮. નામ.ગુજરાત હાઇકોર્ટના તા.૨૦-૬-૨૦૧૭ના ઓરલ ઓર્ડરની સામે યુનિવર્સીટીએ નામ.ગુજરાત હાઇકોર્ટમાં એલ.પી.એ.નં.૮૮૬/૨૦૧૭ થી અપીલ દાખલ કરેલ.જે અન્વયે નામ.ગુજરાત હાઇકોર્ટના તા.૨૦-૬-૨૦૧૭ ના ઓરલ ઓર્ડર મુજબ સદરહુ સંસ્થાની અરજી સ્વીકારી, એલ.આઈ.સી નિયુક્ત કરી, હવે પછી મળનાર સિન્ડીકેટની બેઠકમાં બાબત વિચારણા અર્થે મુકવાની રહેશે તેમ આદેશ કરવામાં આવેલ.

૯ . નામ.ગુજરાત હાઇકોર્ટના આદેશ મુજબ તા.૧૨-૮-૨૦૧૭ થી એલ.આઈ.સી.ની નિયુક્તિ કરવામાં આવેલ.

૧૦. ટ્રસ્ટ દ્વારા નામ.ગુજરાત હાઇકોર્ટમાં સિવિલ કન્ટેમ્પ્ટ એપ્લીકેશન ન.૧/૨૦૧૮ થી નામ.ગુજરાત હાઇકોર્ટના ચુકાદાનો અમલ યુનિવર્સીટી દ્વારા ન કરવા બાબતે કન્ટેમ્પ્ટ અરજી દાખલ કરવામાં આવેલ છે જેની મુદત આગામી તા.03-0૭-૨૦૧૮ ના રોજ છે.

૧૧. એલ.આઈ.સી.નો અહેવાલ તા.૩૦-૬-૨૦૧૮ ના રોજ યુનિવર્સીટીને મળેલ છે.

૧૨. એકેડેમિક કાઉન્સિલ ની બહાલીની અપેક્ષાએ સ્થાનિક તપાસ સમિતિના અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, કામદાર એજ્યુકેશન ટ્રસ્ટ, રાજકોટ સંચાલિત કામદાર સાયન્સ કોલેજ, મુ. હરીપર (પાળ), કાલાવડ રોડ, જી.રાજકોટ તરફથી શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ માટે આવેલ નવી કોલેજના જોડાણની અરજી તથા તે પરત્વેનો સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ ધ્યાને લઇ એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ વિજ્ઞાન વિદ્યાશાખાના પ્રથમ વર્ષ બી.એસસી. અભ્યાસક્રમનું વર્ષ ૨૦૧૮-૧૯ નું જોડાણ નીચે મુજબના કારણોસર ન આપવા રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવી.**

૧. અરજીમાં દર્શાવેલ કોલેજના પ્રીમાઇસમાં કુલ ૩ કાઉન્સિલની માન્યતા ધરાવતા કોર્ષ જેવા કે, B.H.M.S., B.Sc. - Nursing, B.Sc. - P.B. Nursing, G.N.M., A.N.M., B.P.T. જેવા અભ્યાસક્રમો ચાલુ છે, જે તમામ માટે એક જ બિલ્ડીંગ અસ્તિત્વમાં છે અને તેનો જ વપરાશ કરવામાં આવે છે.

૨. U.G.C. (એફીલીએશન ઓફ કોલેજીસ બાય યુનિવર્સીટીઝ) રેગ્યુલેશન્સ, ૨૦૦૯ ના નિયમ ૩ મુજબ નવી કોલેજનું જોડાણ મેળવવા માટે ટ્રસ્ટ ના નામે ઓછામાં ઓછી ૫ એકર જમીન ટ્રસ્ટના નામે રજીસ્ટર દસ્તાવેજથી હોવી જોઈએ, જે આ ટ્રસ્ટ પાસે ઉપલબ્ધ નથી.

- કેટલીક જમીન ટ્રસ્ટના નામે નથી, પરંતુ ટ્રસ્ટીના નામે છે. જે ટ્રસ્ટને લીઝ પર આપેલ છે. જે U.G.C. ના નિયમોનુસાર નથી.

૩. B.Sc. પ્રથમ વર્ષ શરૂ કરવા માટે સંસ્થા પાસે પૂરતી માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ નથી.

૪. કોલેજે F.Y.B.Sc. માં ૧૨૦ ની સંખ્યા માંગી છે, પરંતુ તેની પાસે ૧૨૦ વિદ્યાર્થી બેસી શકે તેવા એકપણ ક્લાસરૂમ નથી.

૫. B.Sc. અભ્યાસક્રમમાં પ્રેક્ટીકલ લેબનું ખૂબ જ મહત્વ છે, પરંતુ કોલેજ પાસે એકપણ લેબ ઉપલબ્ધ નથી.

૬. સ્થળ તપાસ સમિતિને બતાવવામાં આવેલ બે લેબ જે ફિઝિયોલોજી અને ફાર્મસીની છે, જે વિષયો B.Sc. માં આવતા જ ન હોવાથી B.Sc. ના વિષયોને અનુરૂપ લેબ આવશ્યક છે, જે સંસ્થા પાસે આટલા સમય બાદ પણ ઉપલબ્ધ નથી.

૭. હોમિયોપેથીક કાઉન્સીલના નિયમ મુજબ ૪ એકર જમીન અને બિલ્ડીંગ માત્ર B.H.M.S. ના કોર્ષ માટે જ આવશ્યક છે, જયારે અહિયા એક જ જમીન પર બધા કોર્સીસ ચાલતા હોય, B.H.M.S. ની દરખાસ્તમાં આપેલ બાંહેધરીનો ભંગ થાય છે, સાથોસાથ બધા જ કોર્ષના વિદ્યાર્થીઓની સંખ્યા ગણતાં આ બિલ્ડીંગની સુવિધા ખૂબ જ અપૂરતી છે.

(નોંધ : કોલેજની જોડાણ અરજી તથા તે પરત્વેનો સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ સભા સમયે રજૂ કરવામાં આવેલ.)

૨ જોડાણ આચાર્યશ્રી, દીવ કોલેજ તરફથી જુન ૨૦૧૮ થી નીચેની વિગતે ચાલુ જોડાણ અને નવા જોડાણ માટે આવેલ અરજી તથા તે પરત્વે સ્થાનિક તપાસ સમિતિના અહેવાલ પર એકેડેમીક કાઉન્સિલ બહાલીની અપેક્ષાએ વિચારણા કરવા બાબત

**જોડાણની વિગત :-**

**વિનયન વિદ્યાશાખા - ચાલુ જોડાણ**

બી.એ. મુખ્ય ગૌણ - ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, અંગ્રેજી, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર,
ગૌણ - ભૂગોળ, મનોવિજ્ઞાન, ઇતિહાસ

**વાણિજ્ય વિદ્યાશાખા - ચાલુ જોડાણ**

બી.કોમ (વૈકલ્પિક) એકાઉન્ટ એન્ડ ફાઈનાન્સ, બીસનેસ મેનેજમેન્ટ, બેન્કિંગ, આંકડાશાસ્ત્ર, ઈન્સ્યુરન્સ

**વિજ્ઞાન વિદ્યાશાખા - નવું જોડાણ**

પ્રથમ વર્ષ બી.એસસી.ના અભ્યાસક્રમ

નોંધ : (૧) સ્થાનિક તપાસ સમિતિના સભ્યનો અહેવાલ મળેલ છે અને ચાલુ અને નવું જોડાણ આપવા ભલામણ કરેલ છે.
(૨) આચાર્યની નિમણુંક થયેલ નથી. સ્ટાફની એડહોક નિમણુંક થયેલ છે.
(૩) સંસ્થા પાસે કોલેજનાં નામની જમીન ધરાવે છે
(૪) કોલેજ ફરજીયાત સુવિધા ધરાવે છે/ સી.સી.ટીવી કેમેરા રેકોર્ડીંગની કેપેસીટીના ફીટ કરેલ છે

**આથી ઠરાવવામાં આવે છે કે, કેન્દ્ર સરકાર ફંડેડ દીવ કોલેજના આચાર્યશ્રી, દીવ તરફથી શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ માટે આવેલ સંલગ્ન કોલેજમાં ચાલુ તથા નવા જોડાણની અરજી તથા તે પરત્વેનો સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ ધ્યાને લઇ એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ યુનિવર્સીટીએ નિયત કરેલ જોડાણની શરતો તથા સ્થાનિક તપાસ સમિતિએ મુકેલી શરતોનું પરિપાલન તા.૧૫/૦૭/૨૦૧૮ સુધીમાં સિન્ડીકેટને સંતોષ થાય તે રીતે કોલેજ કરે તો ઉપર્યુક્ત વિગતે વિનયન વિદ્યાશાખા તથા વાણિજ્ય વિદ્યાશાખાનું તા.૧૫/૦૬/૨૦૧૮ થી તા.૧૪/૦૬/૨૦૧૯ સુધીનું એક વર્ષનું ચાલુ જોડાણ આપવા રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે, ઉપર્યુક્ત વિગતે વિજ્ઞાન વિદ્યાશાખાના પ્રથમ વર્ષ બી.એસસી. અભ્યાસક્રમના (મુખ્ય/ગૌણ) વિષયો - ફીઝીક્સ, કેમિસ્ટ્રી, બોટની, ઝૂલોજી, સ્ટેટીસ્ટીક્સ, મેથેમેટીક્સનું વર્ષ ૨૦૧૮-૧૯ નું નવું જોડાણ તેમજ સૈધાંતિક પૂર્વ મંજૂરી આપવા રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવી.**

(નોંધ : કોલેજની જોડાણ અરજી તથા તે પરત્વેનો સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ સભા સમયે રજૂ કરવામાં આવેલ.)

અંતમાં અધ્યક્ષશ્રીનો આભારમાની સભાનું કામકાજ પૂર્ણ જાહેર કરવામાં આવ્યું.

નં.સિન્ડિકેટ/૧૮/૨૦૧૮
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ,
રાજકોટ-૫
તા.૦૨/૦૭/૨૦૧૮

કુલસચિવ

પ્રતિ,

સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ તરફ...

નકલ રવાના:::--

૧. માન.કુલપતિશ્રી/માન.કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી.
૨. એકેડેમિક ઓફિસરશ્રી.
૩. પરીક્ષા નિયામકશ્રી.